# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org • E-mail: gpcc1234@gmail.com


---

અખબારી યાદી તા. ૩૦-૧૦-૨૦૨૨

તા. 31 ઓક્ટોબરના ભારતરત્ન સરદાર વલ્લભભાઇ પટેલની જન્મજયંતીના ઐતિહાસિક દિવસ અને ભારતરત્ન, પ્રથમ મહિલા વડાંપ્રધાન શ્રી ઇન્દિરા ગાંધીજીના નિર્વાણદિનના પૂણ્યસ્મરણથી શરૂ થતી ૫૪૩૨ કિ.મી.થી વધુ લાંબી 'પરિવર્તન સંકલ્પ યાત્રા' માં '10 લાખથી પણ વધુ કાર્યકર્તા જોડાશે જેમાં તમામ વિધાનસભા બેઠકોને આવરી લેવામાં આવશે. સમગ્ર યાત્રામાં ૧૪૫ જાહેર સભાઓ, ૩૫ સ્વાગત પોઇન્ટ, ૯૫ રેલી સાથે વ્યાપક જનસંપર્ક અને કોંગ્રેસે આપેલા ૧૧ વચનો-સંકલ્પનો વ્યાપક પ્રચાર કરવામાં આવશે. વિશાળ જનસંપર્ક માટેની યાત્રામાં કોંગ્રેસ પક્ષના શ્રી અશોક ગેહલોતજી, શ્રી દિગ્વિજયસિંહજી, શ્રી બી.કે. હરિપ્રસાદજી, શ્રી સચીન પાયલોટજી, શ્રી પવન ખેરાજી, શ્રી મુકુલ વાસનિક, શ્રી સુપ્રિયા શ્રીનેતજી, શ્રી અમરીંદર રાજાબ્રાર, શ્રી શીવાજીરાવ મોંઘે, શ્રી રમેશ ચેનીથલા, શ્રી પ્રમોદ તિવારી, શ્રી અજય માકન, શ્રી અજય યાદવ, શ્રી અવિનાશ પાંડેજી, ડો. અજયકુમાર, શ્રી કનૈયાકુમાર, શ્રી આર.સી. ખુંટીયા, શ્રી ભાઇજગતાપ, શ્રી નીતિન રાઉત સહિતના પ્રદેશના તેમજ રાષ્ટ્રીય નેતાઓ, આગેવાનો અને દિગ્ગજ નેતાઓ યાત્રામાં જોડાશે.

| **31 ઓક્ટોબર, 2022થી શરૂ થતી 'પરિવર્તન સંકલ્પ યાત્રા'ના શુભારંભની વિગત** | | | |
|---|---|---|---|
| ઝોન | યાત્રાનો રૂટ | યાત્રાનો શુભારંભ કરનાર મહાનુભાવ | યાત્રામાં ઉપસ્થિત રહેનાર વરિષ્ઠ આગેવાનશ્રીઓ |
| સૌરાષ્ટ્ર - 1 | ભુજથી રાજકોટ યાત્રા | શ્રી દિગ્વીજયસિંહજી, પૂર્વ મુખ્યમંત્રી, મધ્યપ્રદેશ. | ડૉ. રઘુ શર્મા, પૂર્વ આરોગ્ય મંત્રી અને ગુજરાત કોંગ્રેસના સંગઠન પ્રભારી<br>શ્રી શક્તિસિંહ ગોહિલ, સાંસદ સભ્ય (રાજ્યસભા)<br>શ્રી રામ કિશન ઓઝા, મંત્રી, એઆઇસીસી.<br>શ્રી લલિત કગથરા, કાર્યકારી અધ્યક્ષ, ગુજરાત કોંગ્રેસ<br>શ્રી પૂંજા ભાઇ વંશ, અધ્યક્ષ, પીએસી, ગુજરાત વિધાનસભા |
| સૌરાષ્ટ્ર - 2 | સોમનાથથી અમદાવાદ યાત્રા | શ્રી બી.કે. હરિપ્રસાદજી, પૂર્વ સાંસદ અને વરિષ્ઠ કોંગ્રેસ નેતા, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ. | શ્રી અર્જુન મોઢવાડિયા, પૂર્વ પ્રમુખ, ગુજરાત કોંગ્રેસ પ્રદેશ સમિતિ.<br>શ્રી પરેશ ધાનાણી, પૂર્વ વિપક્ષ નેતા, ગુજરાત વિધાનસભા<br>શ્રી અમરિષ ડેર, કાર્યકારી અધ્યક્ષ, ગુજરાત કોંગ્રેસ<br>શ્રી ઋત્વિક મકવાણા, કાર્યકારી અધ્યક્ષ, ગુજરાત કોંગ્રેસ<br>શ્રી હિંમતસિંહ પટેલ, કાર્યકારી અધ્યક્ષ, ગુજરાત કોંગ્રેસ<br>શ્રી શૈલેષ પરમાર, ઉપનેતા. વિધાનસભા કોંગ્રેસ પક્ષ |

| | | | |
|---|---|---|---|
| ઉત્તર ગુજરાત | વડગામથી ગાંધીનગર યાત્રા | શ્રી અશોક ગેહલોતજી, મુખ્યમંત્રી, રાજસ્થાન અને સિનિયર નિરીક્ષક, ગુજરાત કોંગ્રેસ | શ્રી મધૂસુદન મિસ્ત્રી, મહામંત્રી, એઆઈસીસી<br>શ્રી જગદીશ ઠાકોર, પ્રમુખ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ.<br>શ્રી વિરેન્દ્રસિંહ રાઠોડ, મંત્રી, એઆઈસીસી.<br>શ્રી ભરતસિંહ સોલંકી, પૂર્વ પ્રમુખ, ગુજરાત કોંગ્રેસ પ્રદેશ સમિતિ.<br>શ્રી જિજ્ઞેશ મેવાણી, કાર્યકારી અધ્યક્ષ, ગુજરાત કોંગ્રેસ<br>શ્રી સી. જે. ચાવડા, દંડક, ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષ |
| દક્ષિણ ગુજરાત | જંબુસર થી ઉમરગામ યાત્રા | શ્રી પવન ખેરાજી, ચેરમેન, પબ્લિસીટી અને મીડિયા ડિપાર્ટમેન્ટ, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ.<br>શ્રી સુપ્રિયા શ્રીનેતજી, ચેરમેન, સોશિયલ મીડિયા ડિપાર્ટમેન્ટ, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ. | શ્રી બી.એમ. સંદીપ, મંત્રી, એઆઈસીસી<br>ડો. તુષાર ચૌધરી, પૂર્વ કેન્દ્રિય મંત્રી, ભારત સરકાર.<br>શ્રી કદીર પિરઝાદા, કાર્યકારી અધ્યક્ષ, ગુજરાત કોંગ્રેસ<br>શ્રી ઇન્દ્રવિજયસિંહ ગોહિલ, કાર્યકારી અધ્યક્ષ, ગુજરાત કોંગ્રેસ |
| મધ્ય ગુજરાત | ફાગવેલ (બાલાસિનોર)થી વડોદરા યાત્રા | શ્રી સચિન પાયલોટજી, પૂર્વ નાયબ મુખ્યમંત્રી, રાજસ્થાન | શ્રી સુખરામભાઈ રાઠવા, નેતાશ્રી, વિધાનસભા કોંગ્રેસપક્ષ<br>શ્રી ઉષાબહેન નાયડુ, મંત્રી, એઆઈસીસી<br>શ્રી સિદ્ધાર્થ પટેલ, પૂર્વ પ્રમુખ, ગુજરાત કોંગ્રેસ પ્રદેશ સમિતિ.<br>શ્રી અમિત ચાવડા, પૂર્વ પ્રમુખ, ગુજરાત કોંગ્રેસ પ્રદેશ સમિતિ<br>શ્રી નારણભાઈ રાઠવા, સાંસદ સભ્ય (રાજ્યસભા) |

કોંગ્રેસ પક્ષ પરિવર્તન સંકલ્પ યાત્રા' દરમ્યાન ગુજરાતના ૪.૫ કરોડ લોકો સાથે સીધો જનસંપર્ક કરાશે. દિન પ્રતિદિન આવશ્યક ચીજવસ્તુઓના ભાવમાં તોતીંગ વધારો, કથળેલી સ્વાસ્થ્ય સુવિધાઓ તેમજ કાયદો અને વ્યવસ્થાની ખાડે પડેલી પરિસ્થિતિમાં ગુજરાતની પ્રજા આ કુશાસનથી મુક્તિ મેળવવા કોંગ્રેસને વિજયતિલક કરવા થનગની રહી છે ત્યારે સમગ્ર રાજ્યમાં ચોમેરથી પ્રજામાં કોંગ્રેસની આ પરિવર્તન સંકલ્પ યાત્રા માટેનો અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા